ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંકઃ પરિક્ષા/૪-અ/B.Ed/૬૪૭૩૦/૨૦૨૦ તા. ૨૨-૦૧-૨૦૨૦

પરિપત્રઃ ૦૬

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ. કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ. સેમેસ્ટર-૪માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. આપની કોલેજ/સંસ્થામાં સેમેસ્ટર-૪ ના રેગ્યુલર અને રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પર ભરીને યાદી બનાવી, ફી સાથે આ કાર્યાલયને તા. ૩૦-૦૧-૨૦૨૦ સુધીમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

1. પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ.૪૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ.૨૫/- પરીક્ષા ફોર્મ ફી, રૂ.૨૫૦/- થીયરી પરીક્ષાની ફી, રૂ. ૧૫૦/- પ્રેકટીકલ (લેશન) ફીનો સમાવેશ થાય છે.
2. પરીક્ષા ફીનો ક્રોસ્ડ DD / Pay Order / સંસ્થાનો ચેક **"કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-380009"ના નામનો (ચેક/DD** રીટર્ન થાય તો રૂપિયા ૨૦૦૦/- રીટર્ન ચાર્જ ચૂકવવાનો રહેશે) કઢાવી બારી નં-૧૯ , ગુજ. યુનિ. પરના કોટક બેંક કાઉન્ટર પર નિયત તારીખ (વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ઉપરાંત બે દિવસ) સુધીમાં જમા કરાવવાનો રહેશે.
3. પરીક્ષા ફોર્મમાં જો કોઈ સુધારા હોય તો તેવા ફોર્મ તેમજ રીપીટર વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ તેઓએ પાસ કરેલ તમામ પ્રયત્નોના ગુણપત્રકની નકલ બીડીને અલગથી જમા કરાવવું ફરજિયાત છે. તેના વગર ફોર્મ સ્વિકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવી.
4. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.
5. સંસ્થાએ પરિક્ષાના ફોર્મની એન્ટ્રી માટે ફાળવવામાં યુઝર આઈ.ડી. (કોલેજ કોડ) તથા પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. આપની સંસ્થામાં આગામી પરિક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી ડી.ડી./ચેક (સંસ્થાના બેંક ખાતાનો) અથવા ઓનલાઈન પેમેન્ટ કરી જનરેટ થયેલ ચલણની કુલ ચાર પ્રિન્ટ લઈ એક કોપી એકાઉન્ટ વિભાગ, એક કોપી બેંકમાંતથા એક કોપી પરિક્ષા વિભાગ ખાતે ફોર્મ સાથે જમા કરાવવાની રહેશે. જો કોઈ તકલીફ જણાય તો રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરનો સંપર્ક કરવો, ઓનલાઈન ફી ભર્યાના કીસ્સામાં success transaction સાથેનું ચલણ એકાઉન્ટ કે બેંકમાં રજુ કરવાનું નથી.
6. જે વિદ્યાર્થીઓએ યુનિવર્સીટીની બાહ્ય (External) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષાજ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા ફોર્મ અચૂક ભરવાનું રહેશે તેમજ જે તે કોલેજ દ્વારા તે રીપીટર વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સીટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ મોકલી આપવાના રહેશે. યુનિવર્સીટીની પરીક્ષા શરુ થયા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની નોંધ ખાસ નોંધ લેવી.
7. **જે વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીને પરિપત્ર નં. ૨૦૪, ૨૧૯ અને ૨૭૪ મુજબ સેમેસ્ટર – ૪ નું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિ. જેની નોંધ કોલેજના આચાર્યશ્રીઓએ લઇ તેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.**
8. કોલેજ સીરીયલ નંબર મુજબ ક્રમમાં ૫૦-૫૦ ફોર્મના બંચમાં મોકલવાના રહેશે. જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય, જો ફોર્મ તે રીતે નહિ હોય તો સ્વીકારવામાં આવશે નહિ.

પરીક્ષા નિયામક